ગુજરાતમિત્ર
તથા ગુજરાત દર્પણ

નવસારી-વલસાડ-ડાંગ-સંઘપ્રદેશ

મંગળવાર, તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૧૭, સુરત



**નવસારી કાર્યાલય :** ૧૦૧, સુનિતા એપાર્ટમેન્ટ, બળદેવ પાન સેન્ટર સામે, નાગરવાડ,નવસારી ફોન નં.(૦૨૬૩૭) ૨૬૧૬૬૬, ૯૪૨૬૧૮૯૫૩૩ navsari@gujaratmitra.in **બીલીમોરા :** ૯૮૨૫૬૫૫૨૧૫ **ચીખલી :** ૯૭૨૭૪૭૦૭૧૫ **વાંસદા :** ૯૪૨૭૧૨૦૧૧૧.
**સાપુતારા :** ૯૫૭૪૬૫૯૬૨૪, **વાપી કાર્યાલય :** ૧૨૪, પહેલો માળ, ગોવિંદા કોમ્પલેક્ષ, GIDC ચાર રસ્તા, વાપી. ફોન : ૦૨૬૦-૨૪૨૪૬૪૬, ૯૯૦૯૯૯૫૨૧૧ vapi@gujaratmitra.in **દમણ:** ૯૯૯૮૯૬૩૨૨૫ **ઉમરગામ :** ૯૯૦૪૧૯૩૫૨૮
**વલસાડ કાર્યાલય:** ૬, પહેલા માળે,જુના બંબાખાના શોપીંગ સેન્ટર, રામરોટી ચોક, વલસાડ, ફોન- ૦૨૬૩૨-૨૫૯૩૩૩, ૭૮૭૪૯૫૫૩૩૩ **ધરમપુર :** ૯૫૩૭૨૫૫૮૭૨ **પારડી:** ૯૫૮૬૪૮૭૪૭૪

લાંબો સમય બ્રેક માર્યા બાદ ફરીથી મેઘરાજા સક્રિય બન્યા

# ઉમરગામ - વાપીમાં 4, વલસાડ - ધરમપુરમાં 3, પારડી અને કપરાડામાં 2 ઇંચ વરસાદ ઝીંકાયો



### વલસાડમાં ૨ દિવસથી વરસતા વરસાદ વચ્ચે સુરજદાદાએ દર્શન નથી આપ્યાં

વલસાડ : સોમવારે સવારે ૬ વાગ્યે પુરા થતા ૨૪ કલાકમાં ઉમરગામમાં સવા ૪ ઇંચ, વાપીમાં ૪ ઇંચ, ધરમપુરમાં સવા ૩ ઇંચ, વલસાડમાં ૩ ઇંચ, પારડી અને કપરાડામાં ૨ ઇંચ વરસાદ વરસ્યો હતો. દિવસ દરમિયાન પારડી-વાપી, ઉમરગામમાં ૧ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. વલસાડ જિલ્લામા ગતરોજથી શરૂ થયેલા મેઘરાજા આજે પણ અવિરત વરસ્યા હતાં. રવિવારે સવારે ૬ વાગ્યેથી સોમવારે સવારે ૬ વાગ્યા સુધીમાં વલસાડ જિલ્લામાં સર્વત્ર ૨ થી સવા ૪ ઇંચ વરસાદ વરસ્યો હતો. લાંબો સમય બ્રેક માર્યા બાદ ફરીથી મેઘરાજા સક્રિય બનતા ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. સોમવારે સવારે ૬ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધીમાં વલસાડમાં ૧૩ મીમી, પારડીમાં ૩૦ મીમી, વાપીમાં ૨૯ મીમી, ઉમરગામમાં ૩૪ મીમી, ધરમપુરમાં ૬ મીમી અને કપરાડામાં ૫ મીમી વરસાદ વરસ્યો હતો. વલસાડ શહેરમાં છેલ્લા ૨ દિવસથી વરસતા વરસાદ વચ્ચે સુરજદાદાએ દર્શન દીધા ન હતાં. વલસાડ જિલ્લામાં વરસેલા ખેતીલાયક વરસાદથી ધરતીપુત્રોમાં આનંદ છવાયો હતો.

## ડાંગમાં વરસાદથી 4 કોઝ-વે બંધ કરાયા

### ચોવીસ કલાકમાં સરેરાશ ૫૯ મી.મી. વરસાદ નોંધાયો

સાપુતારા,વઘઇ: છેલ્લા બે દિવસથી મેઘરાજા ડાંગ જિલ્લામાં ફરીથી અમીવર્ષા વરસાવી રહયાં છે. જિલ્લામાં વરસાદ થતાં ધરતીપુત્રો માટે આશીર્વાદરૂપ નીવડી રહયો છે. સાથે જિલ્લાની લોકમાતાઓ ફરીથી બે કાંઠે વહેતી થતાં, ખાસ કરીને અંબિકા નદી ઉપરના ચાર જેટલા કોઝ-વે કામચલાઉ ધોરણે આવાગમન માટે બંધ કરવામાં આવ્યા છે.

તા.૨૧મીએ સવારે ૬ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન આહવા તાલુકામાં ૩૨ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે વઘઇ તાલુકામાં ૪૬, સુબિર તાલુકામાં ૫૯ અને સાપુતારા પંથકમાં ૧૦૦ મી.મી. વરસાદ નોંધાતા, સમગ્ર ડાંગ પ્રદેશમાં સરેરાશ ૫૯ મી.મી. વરસાદ થયો હતો. આ વરસાદને કારણે અંબિકા નદીમાં વરસાદી પાણીની આવક વધતા, વઘઇ તાલુકાના ચાર જેટલા કોઝ વે વાહન વ્યવહાર, તથા આવાગમન માટે જિલ્લા પ્રશાસન દ્વારા બંધ કરાયા છે. જે પૈકી ત્રણ માર્ગો વરસાદી પાણી ઓસરતા, ૫/૬ કલાક બાદ ફરી ચાલુ થઇ જશે. જ્યારે એક કોઝ-વેનું ધોવાણ થતાં તે વરસાદી પાણી ઓસર્યા બાદ, મરામત કામગીરી હાથ ધરવાની કવાયત તંત્રએ આદરી છે.

**બંધ કરાયેલા કોઝવે :** (૧) ઘોડવહળ વી.એ. રોડ-અસરગ્રસ્ત ગામ ગોઘવહળ, (૨) આંબાપાડા વી.એ. રોડ-અસરગ્રસ્ત ગામો ઉગા અને ચીંચપાડા, (૩) નાનાપાડા-કુમારબંધ-બોરદહાડ રોડ-અસરગ્રસ્ત ગામો કુમારબંધ અને બોરદહાડ, તથા (૪) સુપદહાડ-સૂર્યાબરડા રોડ-અસરગ્રસ્ત ગામો લહાનદભાસ, મોટાબરડા, અને સૂર્યાબરડા.

## ચીખલી પંથકમાં વરસાદથી લોકમાતાની પાણીની સપાટીમાં વધારો થયો



ધર્મેશ પટેલ

### વરસાદી માહોલ જામતા ચીખલીમાં ૨૪ કલાકમાં અઢી ઇંચ વરસાદ પડયો

ઘેજ : ચીખલી પંથકમાં લાંબા વિરામબાદ બીજા દિવસે પણ વરસાદી પણ વરસાદી માહોલ યથાવત રહયો હતો બપોરે ચાર વાગ્યા સુધીના ચોવીસ કલાકમાં અઢી ઇંચ જેટલો વરસાદ ખાબકતા તાલુકામાંથી પસાર થતી લોકમાતાઓમાં પાણીની સપાટીમાં વધારો થયો હતો. છેલ્લા બે દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ધીમી ગતિએ વરસાદ ચાલુ જ રહેતા વરસાદી માહોલ સર્જાયો છે. રાત્રિ અને દિવસ દરમ્યાન સતત વરસાદને પગલે તાલુકામાંથી પસાર થતી કાવેરી, ખરેરા અને અંબિકા સહિતની લોકમાતાઓમાં પાણીની સપાટીમાં વધારો થયો હતો. લાંબા સમયના વિરામ બાદ સારા વરસાદને પગલે ડાંગર સહિતના ખેતીપાકોને રાહત થતા ખેડુતોમાં ખુશી ફેલાઈ હતી, જો કે નોંધપાત્ર વરસાદ બાદ પણ ઉકળાટ ભર્યો માહોલ યર્થાવત રહયો છે.

વળી ગામે ગામે શ્રી ગણેશ મહોત્સવની તૈયારી પૂરજોશમાં હોય સતત વોટરપ્રૂફ મંડપો તૈયાર કરવાની આયોજકોને ફરજ પડી છે.

## નવસારી જિલ્લામાં સોમવારે વરસાદનું જોર ધીમું પડયું

નવસારી: ગયા રવિવારે રાત્રિ દરમિયાન નવસારી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયા બાદ સોમવારે વરસાદનું જોર ધીમું પડયું હતું. જોકે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ખૂબ ઉંચું રહેતા લોકોને ભારે બફારો સહન કરવાનો વારો આવ્યો હતો.

સોમવારે સાંજે ૪ વાગ્યા સુધીમાં જિલ્લામાં નોંધાયેલા વરસાદના આંકડા મુજબ નવસારીમાં ૨૬ મી.મી., જલાલપોરમાં ૨૪, ગણદેવીમાં ૨૮, ચીખલીમાં ૬૩, વાંસદામાં ૧૨ અને ખેરગામમાં ૬૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. સોમવારે દિવસ દરમ્યાન નોંધાયેલા વરસાદ મુજબ નવસારીમાં ૫ મી.મી., જલાલપોરમાં ૪, ગણદેવીમાં ૩, ચીખલીમાં ૩૧, વાંસદામાં ૪ અને ખેરગામમાં ૮ મી.મી. વરસાદ નોંધાયો હતો.

નવસારી હવામાન વિભાગ પાસેથી મળતી વિગત મુજબ સોમવારે નવસારીનું મહત્તમ તાપમાન ૨૬.૫ ડીગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૩.૫ ડીગ્રી સે. નોંધાયું હતું. દિવસ દરમિયાન વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૧૦૦ ટકા હતું. જે બપોર બાદ ઘટીને ૯૮ ટકા રહ્યું હતું. સોમવારે દિવસ દરમિયાન પ્રતિ કલાક ૪.૨ કિ.મી.ની ઝડપે દક્ષિણ પશ્ચિમ દિશામાં પવન ફુંકાયો હતો.

## ગણદેવી તાલુકામાં દોઢ ઇંચ વરસાદ



બીલીમોરા: લાંબા વિરામ બાદ ગણદેવી તાલુકામાં ૨૪ કલાકમાં દોઢ ઇંચ વરસાદ પડયો છે. ધીમી ધારે પડી રહેલો વરસાદ ગણદેવી તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૪ મીલી મીટર એટલે કે અંદાજીત દોઢ ઇંચ પડયો છે. ડાંગરના છોડ પર વરસાદે કૃપા કરતા હવે કંથ્થી બેસવાની શરૂઆત થશે અને મબલખ પાક ઉતરવાની ખેડૂતોને આશા છે. જોકે વાતાવરણ જોતા એવું લાગે કે આગાહી પ્રમાણે સતત મુશળધાર વરસાદ વરસતો હશે પણ ખૂબ જ ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે.

## મધુબન ડેમની જળ સપાટી 74.95 મીટર

વાપી : મધુબન ડેમની જળ સપાટી સોમવારે ૭૪.૯૫ મીટર હતી. ડેમમાંથી ત્રણ દરવાજા એક મીટર ખોલીને ૧૪૦૧૮ ક્યુસેક પાણીનો નિકાલ કરવામાં આવે છે. જયારે ડેમમાં પાણીની આવક ૨૦,૦૯૪ ક્યુસેક છે. ડેમના કેચમેન્ટ એરિયામાં સાધારણ વરસાદ હોવાથી ડેમ ઓથોરિટીએ ત્રણ દરવાજા ખોલીને પાણીનો નિકાલ શરૂ કર્યો છે. ડેમની રૂલ લેવલ ૭૬ મીટર હોવાથી પાણીની આવક સામે હાલ જાવક ઓછી રાખવામાં આવી છે.

॥ હર હર મહાદેવ ॥

## શ્રાવણના છેલ્લા સોમવારે સોમનાથ મંદિરમાં ભકતોની ભીડ જામી



કેરસી બારીઆ

બીલીમોરા: શ્રાવણ માસનો છેલ્લો સોમવાર અને સોમવતી અમાસના દિવસે બીલીમોરાના સોમનાથ મંદિરે લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડયા હતા. જયારે પગપાળા ચાલીને આવતા શ્રધ્ધાળુઓ માટે ઠેર ઠેર સેવાભાવી સંસ્થાઓએ ફળફળાદી, ચા-નાસ્તાની વિનામૂલ્યે સેવા ખડકી દીધી હતી. રવિવારની રાતથી જ ગામેગામથી પગપાળા શિવજીના દર્શન માટે આવતા પગપાળા ભકતો માટે ઠેરઠેર સેવા ભાવી સંસ્થાઓએ વિનામૂલ્યે ચા-કોફી, નાસ્તો, ફરાળીની વ્યવસ્થા ગોઠવી હતી. જય જલારામ મહિલા મંડળ, ગૌહરબાગમાં પણ છેલ્લા ૧૫ વર્ષથી શ્રાવણ માસના છેલ્લા સોમવારે પદયાત્રીઓ માટે વિનામૂલ્યે છાશ - કેળા, ચાની સેવા જલારામ મહિલા મંડળની બહેનો કરતી આવી છે. સોમનાથ મંદિરે પણ શિવજીના દર્શન માટે લાંબી શ્રધ્ધાળુઓની કતારો જોવા મળી હતી. સમગ્ર બીલીમોરા સોમવારે શિવમય બની ગયુ હતું. ગૌહરબાગ, સોમનાથ રોડ, કોનવેન્ટ સ્કૂલ રોડ, નર્સરી રોડ, ગણદેવી રોડ, સરદાર માર્કેટ રોડ ઉપર ભકતોની અવરજવરને લીધે મોટા વાહનોને શહેરમાં અંદર પ્રવેશવા દેવાયા ન હતા. વરસતા વરસાદમાં પણ ભકતોએ શિવજીના દર્શન કર્યા હતા.

## વાંસદાના રાજરાજેશ્વર મહાદેવ મંદિરે શિવભકતોએ હિમાલયપર્વત બનાવ્યો



નિલેશ કાપડીયા

વાંસદા: વાંસદા તાલુકાના ચંપાવાડી વિસ્તારમાં કાવેરી નદીના તટે આવેલું રાજા રજવાડાના સમયથી બનેલું રાજ રાજેશ્વર મહાદેવ મંદિર શિવ ભકતોનું આસ્થાનું પ્રતિક છે. આ મંદિરમાં તાલુકાભરના ગામડાઓથી ભાવિકભકતો દર્શન કરવા આવે છે અને તમામ પ્રકારની ધાર્મિકવિધિ માટે પણ ભકતો આ જ મંદિરે આવે છે. સોમવારે મંદિરમાં શિવભકતોએ શ્રાવણના છેલ્લા સોમવારે હિમાલયપર્વત બનાવ્યો હતો અને બાજુમાં શિવજીની સ્થાપના કરી હતી. સવારથી મંદિરમાં શિવભકતોએ દર્શનનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો. રાજ રાજેશ્વર શિવમંદિરમાં શ્રાવણના છેલ્લા સોમવારે જીલ્લા આયુર્વેદ અધિકારી નવસારીના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદિક હોસ્પિટલ વાંસદાના મેડિકલ ઓફિસર ડૉ. નયના પટેલ દ્વારા શિવ મંદિરે આવનારા શિવભકતો માટે સ્વાઇન ફલુથી બચવા માટે આયુર્વેદિક ઉકાળો બનાવી પીવડાવવામાં આવ્યો હતો.

## ખેરગામના નાંધઇમાં વેદઆશ્રમમાં સવા લાખ પાર્થિવ શિવલીંગની પૂજા કરાઇ



ખેરગામ: ખેરગામ તાલુકાના નાંધઇ ગામે આવેલા સુપ્રસિધ્ધ વેદઆશ્રમમાં દયાનંદ વેદપાઠીજી મહારાજની પ્રેરણાથી સવા લાખ પાર્થિવ શિવલીંગની પૂજા અને લઘુરૂદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. સોમવતી અમાસના દિવસે ઔરંગા નદીને કિનારે આવેલા વેદઆશ્રમમાં કથાકાર પ્રફુલભાઇ શુકલ અને ચાંદોદ નિવાસી કૈલાસપુરી સ્વામીજીના સાંનિધ્યમાં આચાર્ય કશ્યપભાઇ જાની અને ૧૧ ભુદેવોનાં મંત્રોચ્ચાર સાથે હજારો ભકતોએ ૐ નમઃ શિવાયના જાપ સાથે બનાવેલા સવા લાખ પાર્થિવ શિવલીંગને રૂદ્રાભિષેક કરવામાં આવ્યો, ત્યારે સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા કથાકાર પ્રફુલભાઇ શુકલએ કહ્યું હતું કે, હરિનું સ્મરણ મરણ સુધારે છે પણ શિવનું સ્મરણ જન્મ-મરણનું ચકકર ટાળે છે. આ પ્રસંગે નાંધઇ-નારણપોર- ભૈરવી, આછવણી સહિત ખેરગામ તાલુકાના દરેક ગામોમાંથી શિવભકતોએ ઉપસ્થિત રહીને પૂજા અને અભિષેકમાં ભાગ લીધો હતો.

## ઉમરગામ તા. પંચાયતની કારોબારીમાં વિકાસના કામો પૂર્ણ કરવા તાકીદ કરાઇ



### સંભવતઃ વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લેતા અટકેલા કામો પૂરા કરવા ચર્ચા કરાઇ

ઉમરગામઃ ઉમરગામ તાલુકા પંચાયતની કારોબારી સભા સોમવારે મળી હતી. જેમાં વિકાસના કામોની સમીક્ષા કરવામાં આવી હતી. તથા આગામી ડિસેમ્બર માસમાં વિધાનસભાની ચૂંટણી હોય આચાર સંહિતાને જોતા આગામી સપ્ટેમ્બર માસ સુધીમાં અટકેલા વિકાસના કામો પૂરા કરવા તરફ ધ્યાન આપવા ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

ઉમરગામ તાલુકા પંચાયતના કારોબારી સભ્ય ચેરમેન રાકેશ રાયના અધ્યક્ષતામાં પ્રમુખ કંચનબેન, ઉપપ્રમુખ- લક્ષીભાઇ ઘોડી, કારોબારી સભ્ય અને ઇન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી દક્ષાબેનની ઉપસ્થિતિમાં મળી હતી. બેઠકમાં વિકાસના કામોની ચર્ચા કરવામાં આવી હતી. તથા વિધવા સહાય, ૨૦ જેટલા અનાથ બાળકોને રૂપિયા ૩૦૦૦ના અભ્યાસ માટે સહાય કુદરતી આપત્તિથી નુકસાન માટે સહાય ખેતીક્ષેત્ર ભાત ઝોડવાનું મશીન બજેટની મર્યાદામાં રહીને ૮૦ ટકા સબસીડી સાથે આપવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. વધુમાં આકસ્મિક સહાયની આપેલી અરજી પણ વંચાણે લઇ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બધી સહાય તાલુકા સ્વભંડારમાંથી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્યમાં બેસ્ટ શિક્ષકનો એવોર્ડ પાત્ર કરનાર શિક્ષક નરેન્દ્રભાઇ ટંડેલ માટે અભિનંદન ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો હતો.

## ધરમપુર ટીએસપીના વિવાદિત કર્મચારીની બદલી કરવા આદિમજુથની માગ

વલસાડ : વલસાડ જિલ્લાના ગ્રામસેવકોની આળસાઇને કારણે આદિમજુથના વ્યકિતઓને સ્વરોજગારીની સહાય મળતી ન હોવાની રજુઆત આદિમજુથ સમાજ જિલ્લા કમિટિ વલસાડ દ્વારા વલસાડ જિલ્લા કલેકટરને કરાઇ છે.

આદિમજુથ સમાજ દ્વારા કરાયેલી રજુઆતમાં જણાવ્યા મુજબ ધરમપુર ટ્રાયબલ સબ પ્લાનમાં ફરજ બજાવતાં સુમનભાઇ ચૌધરી લોકોને હેરાન કરતા હોવાનો આક્ષેપ કરી તેમની ધરમપુર ટીએસપી શાખામાંથી બદલી કરવા માગ કરાઇ હતી. ઉપરાંત તેમના સ્થાને કપરાડાના જહીરામ ભોયા અથવા કુરગામના ઈશ્વરભાઇની નિમણૂક કરવા માંગણી કરી હતી. કમિટીના પ્રમુખ આનંદ બારાતે ૩૦ દિવસમાં સુમન ચૌધરીની બદલી ન કરાય તો સમાજનાં એક લાખથી વધારે લોકો વલસાડ ટી.એસ.પી ઓફિસમાં ધરણા કરશે એવી ચીમકી આપી હતી.

## વલસાડમાં ગણેશ વિસર્જનમાં વધુ અવાજ ધરાવતા ડીજે જપ્ત કરવા પોલીસ મકકમ

### ડીવાયએસપી ઝાલાએ ડીજે જપ્ત કરવા મક્કમતા બતાવતા ગણેશ વિર્સજનમાં પોલીસ અને ગણેશભક્તો વચ્ચે ઘર્ષણ થવાની શકયતા વધી

વલસાડ : વલસાડમાં ગણેશ મહોત્સવ અંગે યોજાયેલી શાંતિ સમિતિની બેઠકમાં ડીવાયએસપી ઝાલાએ ૪૦ ડેસીબલથી વધુ અવાજે ડીજે વાગશે તો જપ્ત કરાશે એવી સ્પષ્ટ ચેતવણી આપતા ગણેશ મહોત્સવના આયોજકોએ વિરોધ કર્યો હતો. પરંતુ ડીવાયએસપી જાહેરનામુ બહાર પડતા જ તેનો અમલ કરી ડીજે જપ્ત કરવા મકકમતા બતાવતા આગામી ગણેશ વિર્સજનમાં પોલીસ અને ગણેશભકતો વચ્ચે ઘર્ષણ થવાની શકયતા વધી ગઇ છે.

૨૫ ઓગષ્ટથી શરૂ થઇ રહેલા ગણપતિ મહોત્સવ શાંતિપૂર્વક ઉજવાઇ તે માટે પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં સોમવારે શાંતિ સમિતિની બેઠક મળી હતી. જેમાં ડીવાયએસપી એલ.બી.ઝાલાએ સ્પષ્ટ શબ્દોમાં ગણેશ વિસર્જન દરમિયાન ડી.જે. નો ઉપયોગ કરી શકાશે નહી તેમ જણાવ્યુ હતું. જો કે ઉપસ્થિત આયોજકોએ પોલીસ દ્વારા ડી.જે ઉપર પ્રતિબંધ સામે નારાજગી વ્યકત કરી હતી. ઉપરાંત ડીવાયએસપીએ વિસર્જન સાથે જોડાનાર વાહનોને પરમીટ નંબર અપાશે જે વાહનની ચારેય બાજુ દર્શાવવાની રહેશે સાથે મંડળો દ્વારા વિસર્જનનો રૂટ, સમય સ્પષ્ટ જણાવવાનો રહેશે. ૭ વાગ્યા અગાઉ તમામ ગણેશમંડળોએ વિસર્જન સ્થળે પહોંચી જવાનું રહેશે. નશો કરેલ શખ્સો સામે પોલીસ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરશે. સામાજિક આગેવાન કૈલાશનાથ પાંડેએ બહારથી આવતી પોલીસ દ્વારા આયોજકો સાથે કરાતી ગેરવર્તણૂકનો ઉલ્લેખ કર્યો હતો.

### નવરાત્રિમાં મોડી રાત સુધી ડીજે વાગી શકતા હોય તો ગણપતિ વિસર્જનમાં તેનાં ઉપયોગ પર પ્રતિબંધ કેમ

માજી પાલિકા પ્રમુખ રાજુ મરચાએ નવરાત્રિમાં મોડી રાત સુધી ડી.જે વાગી શકતા હોય તો ગણપતિ વિસર્જનમાં તેનો ઉપયોગ પર પ્રતિબંધ કેમ તેવો પ્રશ્ન ઉઠાવ્યો હતો. સામાજિક આગેવાન શૈલેષ જોષીએ ડી.જે પર પ્રતિબંધની સરાહના કરી મંડળો સાથે આવતા વાહનોની સંખ્યા નિર્ધારીત કરવા જણાવ્યું હતું. એડવોકેટ અને આરટીઆઇ કાર્યકર્તા કેતન શાહે પોલીસ દ્વારા ડી.જે ઉપર પ્રતિબંધ મુદ્દે વિરૂધ્ધ વ્યકત કરી થોડી છુટછાટ સાથે વિસર્જન કરવા દેવાનું સુચન કર્યુ હતું. અન્ય આગેવાનોએ શહેરાન ખરાબ રસ્તાઓ જર્જરીત ઓવારો અને વધારાના એક ઓવારો બનાવવા જણાવ્યું હતું.

**સી-ફોર્મ ખોવાયેલ છે**

આરોહી એન્જીનીયરીંગ વર્કસના નામનું સી-ફોર્મ નં. **77348** બીલીમોરાથી અમદાવાદ બોરીવલી લોકલ ટ્રેનમાં વલસાડ જતા ડુંગરી રેલવે સ્ટેશનથી ટ્રેન ઉપડયા બાદ રાખેલ બેગમાં મુકેલ હતું તે ભુલથી કોઇ લઇ ગયેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. કોઇકને મળી આવે તો નીચેના સરનામે પરત કરવું.

લિ.
**આરોહી એન્જીનીયરીંગ વર્કસ**
મુ. છરવાડા, નવા પુરા, વા. હનુમાન ભાગડા તા.જિ. વલસાડ.
મો.નંબર : 93277 95652

## વલસાડ જિ.પ્રા.શિક્ષક સંઘે જુની પેન્શન યોજના સાતમા પગારપંચ સાથે જોડવાની માંગણી કરી

વલસાડ : વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સોમવારે જુની પેન્શન યોજના સાતમાં પગારપંચ સાથે જોડવાની માંગણી સાથે રાષ્ટ્રપતિને સંબોધતું આવેદનપત્ર જિલ્લા કલેકટરને આપ્યું હતું. આવેદનપત્રમાં રાષ્ટ્રીય સ્તરે નવી પેન્શન નિતિના વિરોધ સાથે જુની પેન્શન યોજનાને ફરી શરૂ કરવા શિક્ષક સંઘ સતત પ્રયાસ કરતુ રહયું છે.

નવી પેન્શન નિતિ શિક્ષકો અને કર્મચારીના ભવિષ્ય માટે અનિશ્ચતાનું વાતાવરણ ઉભુ કરનારૂ છે. રજુઆતમાં કરાયેલી માંગણીઓમાં નવી પેન્શન યોજનાને તાત્કાલિક બંધ કરી અગાઉની પેન્શન યોજના તમામ રાજયોમાં લાગુ કરવામાં આવે છઠ્ઠા પગારપંચમાં રહેલી વિસંગતાને દુર કરી સાતમાં પગારપંચમાં શંસોધન કરવામાં આવે સહિતની માંગણીઓનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ ગોકુળભાઇ પટેલ અને મહાસચિવ ચંપકભાઇ પટેલ સહિત પદાધિકારી ઉપસ્થિત રહયા હતાં.

## ફલાઇંગ રાણી ટ્રેનમાં સત્યનારાયણ ભગવાનની પૂજા કરાઇ



વાપી : છેલ્લા અગિયાર વર્ષથી શ્રાવણ માસમાં વર્કીંગ શનિવારે મુંબઇ સેન્ટ્રલથી સુરત આવતી ફલાઇંગ રાણી સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરોની સલામતી માટે પાસ હોલ્ડર્સ દ્વારા સત્યનારાય ભગવાનની પૂજા કરી ટ્રેનના એમએસટી ડબ્બાને શણગારી મહારાજ પાસે પૂજા કરાવી શ્રાવણના પવિત્ર માસમાં ભક્તિભાવથી કથાનું આયોજન કરવામાં આવે છે. આ વખતે પણ શ્રાવણના શનિવારે ફલાઇંગ રાણી ટ્રેનમાં મુંબઇ સેન્ટ્રલથી સત્યનારાયણ ભગવાનની પૂજા રાખવામાં આવી હતી. વલસાડ તાલુકાના ગાડરિયા ગામના રાજેશભાઇ ભગત છેલ્લા અગિયાર વર્ષથી આ પૂજાનું આયોજન તેમના પાસ હોલ્ડર્સ મિત્રોના સહયોગથી કરે છે. રાજેશભાઇ આ પૂજા ટ્રેનના બધા મુસાફરોની સલામતી માટે રાખે છે. મુંબઇ સેન્ટ્રલથી સુરત આવવા નીકળતી ફલાઇંગ રાણી ટ્રેનના એન્જિનની પણ પૂજા કરી તેના પર હાર ચઢાવી તથા ટ્રેનના ડ્રાઇવર તેમજ ગાર્ડને પણ આ પૂજાથી માહિતગાર કરે છે. પાસ હોલ્ડર્સ રાજેશભાઇ ભગત મુંબઇમાં નોકરી કરે છે. ફલાઇંગ રાણીમાં તેમની સાથે મગનભાઇ સુરતી સહિતના પાસ હોલ્ડર્સના સહયોગથી દર શ્રાવણ માસમાં ચાલતી ટ્રેનમાં કથાનું આયોજન કરે છે. આ વખતે બીલીમોરાના મહારાજ દ્વારા પૂજા વિધિ કરવામાં આવી હતી. પૂજામાં રાજેશભાઇ બેઠા હતા. ટ્રેનના એમએસટીના ડબ્બામાં ભકિતમય વાતાવરણ બન્યું હતું. તથા બધા પાસ હોલ્ડર્સ દ્વારા વલસાડ આવતા સુધીમાં પ્રસાદી લઇને પૂજા પુરી કરી હતી.

**PUBLIC NOTICE**

NOTICE is hereby given that the Certificate(s) for 188 Equity shares bearing distinctive Nos. 55798049 to 55798236 of M/s United Phosphorus Limited & 188 Equity shares bearing distinctive Nos. 27452571 to 27452758 of M/s Uniphos Enterprises Limited standing in the name(s) of Late Shri Vasantrai M Doshi has/have been lost or mislaid and undersigned has/have applied to the Company to issue duplicate certificate(s) for the said shares.

Any person(s) who has/have claim in respect of the aforesaid shares should lodge such claim with the Company at its Registered Office: 3-11, GIDC, Vapi - 396195 within 15 days from this date else the Company will proceed to issue duplicate certificate(s).

Name(s) of Shareholder(s)
Late Shri Vasantrai M Doshi
(Niranjana V Doshi)
Place : Mumbai Date : 22/08/2017

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, આ નોટીસમાં જણાવેલી મીલકત હશન ઈબ્રાહીમ મહમદ રહે. અંભેટા, તા. ગણદેવીના નામે ચાલે છે તે મીલકતનું વર્ણન નીચે મુજબ છે.

**મીલકતનું વર્ણન**

ડી. નવસારીના તા. ગણદેવીના મોજે અંભેટા મુકામે આવેલ ખાતા નં. ૮૧૬, સ.નં. ૫૬૨ વાળી જુની શરતની ખેતી લાયક જમીન જેનું સુમારે ક્ષેત્રફળ ૦-૧૬-૬૪ વાળી મીલકત તેના લાગતા વળગતા તમામ પ્રકારના હકક હીત સાથેની

ઉપર જણાવેલી મીલકત હમારા અસીલ તેની કાયદેસરની પુરેપુરી અવેજની રકમ ચુકવી વેચાણ રાખવા માંગતા હોય તેવા સંજોગોમાં ઉપર જણાવેલી મીલકત બાબતે કોઇનો કોઇપણ પ્રકારનો લાગ ભાગ હકક હીત હીસ્સો કે દર દાવો હોય તેજ પ્રમાણે સદર મીલકત ઉપર કોઇએ કોઇપણ પ્રકારનો બોજો, ગિરો, લીયન, ટ્રાન્સફર લેખ, સાટાખત બક્ષીસ લેખ, વીલ કે એવા કોઇપણ પ્રકારના ટ્રાન્સફર અંગેના લેખ લખાણ કરેલા હોય તો એવા કોઇપણ ડોક્યુમેન્ટોની સર્ટીફાઇડ નકલ સહીત લેખીત વાંધા સાથેની નકલ હમો એડવોકેટને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચેના જણાવેલા સરનામે પહોંચતા કરવા. દિન-૭ ની મુદત પુર્ણ થયેથી સદરહુ મીલકત ચોખ્ખી અને મારકેટેબલ ટાઇટલવાળી છે એમ ગણી સદરહુ મીલકતનો હમારા અસીલ કાયદેસરનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવશે. ત્યારબાદ કોઇના કોઇપણ પ્રકારની તકરારો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી કે કાયદા મુજબ ઠરશે નહી જેની જાહેર જનતાને નોંધ લેવા વિનંતી.

અસીલની સુચનાથી,
**પંકજકુમાર ચંદુલાલ મોદી - એડવોકેટ એન્ડ નોટરી**
સ્ટેશનરોડ, બીલીમોરા મો.નં. : ૯૪૨૯૦ ૫૮૩૦૦